# અરજી ફોર્મ

જગ્યાનું નામ :- ડ્રાઈવર (વર્ગ-૩)

કચેરીનું નામ :- અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :- ____________

| |
|---|
| ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો |

## ઉમેદવારની માહિતી

| | |
|---|---|
| ઉમેદવારનું પુરૂ નામ :- | |
| માતાનું નામ :- | |
| હાલનું સરનામું :- | |
| કાયમી સરનામું :- | |
| વતન (રાજ્ય સાથે) :- | |
| રાષ્ટ્રીયતા :- | |
| જન્મ તારીખ :-<br>(વર્ષ, મહિના અને દિવસ) | |
| માતૃભાષા :- | |
| જાતિ (સ્ત્રી/પુ/અન્ય) :- | |
| મોબાઈલ નં :- | |
| ઈ-મેઈલ :- | |
| વૈવાહિક દરજ્જો :- | |
| જાતિનો વર્ગ :- | |
| જાતિ પ્રમાણપત્ર નંબર :- | |

| | |
|---|---|
| જાતિ પ્રમાણપત્ર તારીખ :- | |
| જાતિ પ્રમાણપત્ર અદા કરતું રાજ્ય :- | |
| નોન ક્રીમીલેયર સર્ટીફીકેટ નં :- | |
| નોન ક્રીમીલેયર સર્ટીફીકેટ તારીખ :- | |
| કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન ધરાવો છો : | |
| સંસ્થાનું નામ :- | |
| પ્રમાણપત્ર તારીખ :- | |
| માજી સૈનિક :- | |
| તારીખ :- | |
| હોદ્દો :- | |
| આર.ટી.ઓ.નું નામ :- | |
| લાઈસન્સનો પ્રકાર :- | |
| લાઈસન્સ નંબર :- | |
| લાઈસન્સની તારીખ :- | |
| લાઈસન્સની મુદ્દત/અવધી :- | |
| ભાષાનું જ્ઞાન :- | |
| વાંચન | |
| લેખન | |
| બોલી | |
| શૈક્ષણિક લાયકાત :- | |
| અનુભવ :- | |
| **<u>વધારાની વિગતો</u> :-**<br>શું તમને કોઈ ગુન્હામાં અદાલતે આરોપી ઠરાવેલ છે? | |
| શું તમને હાઈકોર્ટ કે જાહેર સેવા આયોગે કે અન્ય કોઈ ભરતી કે પરીક્ષા પ્રક્રિયા હાથ ધરતી સંસ્થા દ્વારા પરીક્ષા આપવા કે નિમણુંક અંગે અયોગ્ય ઠરાવેલ કે સેવામાંથી રૂખસદ આપેલ છે? | |

| | |
|---|---|
| શું તમારી વિરૂધ્ધ કાયદાની અદાલતમાં અગાઉ કોઈ ફોજદારી/દિવાની કેસ થયેલ હતો? /પેંડીંગ કે વિચારણા હેઠળ છે? | |
| શું તમારી સામે કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવી હતી કે ખાતાકીય તપાસ ચાલુ છે? (સરકારી કર્મચારીના કિસ્સામાં) | |

## એકરાર :-

આથી હું નીચે સહી કરનાર પ્રમાણિત કરૂં છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારા જાણવા તથા માનવા પ્રમાણે સંપૂર્ણ સાચી અને ખરી છે. હું સમજુ છું અને સંમત થાઉ છું કે, કોઈપણ તબક્કે કોઈપણ સંજોગોમાં મેં પૂરી પાડેલ કોઈપણ માહિતી ખોટી અગર ખામીયુક્ત જણાશે તો મારી અરજી/ઉમેદવારી નામંજૂર કરવાપાત્ર થશે અને જો મને નિમણુંક આપવામાં આવી હશે તો મારી નિમણુંક કોઈપણ પ્રકારની નોટીસ કે તેનું કારણ આપ્યા સિવાય રદ કરવાપાત્ર થશે તથા સદરહું ભરતી અન્વયે સત્તામંડળ દ્વારા જે કોઈ નિર્ણય કરવામાં આવશે તે અમોને બંધનકર્તા રહેશે. હું એ બાબતથી વાકેફ છું કે, આ પ્રમાણે ખોટી માહિતી આપવા કે હકીકતો છુપાવવા બદલ મારી સામે ફોજદારી કાર્યવાહી કરી શકાશે.

તારીખ :-

સ્થળ :-

ઉમેદવારની સહી

# -: શરતો :-

(૧) જાહેરાતથી ડ્રાઈવરની ભરતી કરવાની છે તે ભરતી SCA No.11888/2004 ના તા.૨-૫-૨૦૧૭ ના ચુકાદા તથા LPA No.753/2018 ને આધિન કરવામાં આવશે. જે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૨) ડ્રાઈવરની જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની અને આ જાહેરાતની સુચનાઓમાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાનો સત્તામંડળને સંપૂર્ણ અબાધિત હક્ક/અધિકાર રહેશે અને સત્તામંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૩) SCA No.11888/2004 ના વાદીને તા.૨-૫-૨૦૧૭ ના ચુકાદા મુજબ ફક્ત ઉંમરમાં છુટછાટ આપવામાં આવશે. જ્યારે અન્ય ઉમેદવારોને સરકારશ્રીના નિયમોનુસાર છુટછાટ મળવાપાત્ર રહેશે.

(૪) જો ઉમેદવારે એકથી વધુ અરજીપત્રક ભરેલ હશે તો તેવા ઉમેદવારનું અંતિમ ભરેલ અરજીપત્રક જ વિચારણામાં લેવામાં આવશે અને બાકીના અરજીપત્રકો આપોઆપ રદ થયેલા ગણાશે, જે અંગે ઉમેદવાર કોઈ તકરાર ઉપસ્થિત કરી શકશે નહિં. અરજી સાથે ઉમેદવારે પોતાની ઓળખ માટે માન્ય ફોટો આઈ.ડી.પ્રુફ જેવા કે (ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, આધાર કાર્ડ, સરકારશ્રી દ્વારા અધિકૃત કરાયેલ ઓળખકાર્ડ વગેરે પૈકી કોઈ એક) રજુ કરવાનું રહેશે.

(૫) ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ કોઈપણ વિગત અસલ પ્રમાણપત્રો, ફોટોગ્રાફ સહિતની ખોટી એટલે કે, બોગસ/જુદી/અલગ બતાવેલ/છુપાવેલ હશે તો તેનું ઉમેદવારીપત્રક કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે અથવા નિમણુંક આપી દીધેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે અને આવા ઉમેદવાર સામે ધોરણસરની કાર્યવાહી કરવા સત્તામંડળ પાસે અબાધિત હક્ક રહેશે.

(૬) ઉમેદવારને કોઈપણ સક્ષમ કોર્ટ દ્વારા ગુન્હેગાર ઠરાવેલ હોય અથવા તેમની સામે કોઈપણ પોલીસ ઓથોરીટી અથવા ફોજદારી કોર્ટ સમક્ષ કેસ/ફરીયાદ પડતર હશે તો તેમજ તેવા કોઈપણ કેસમાં સજા થયેલ હશે તો તેવા ઉમેદવારોના અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં. જો આવા ઉમેદવાર દ્વારા આવી માહિતી છુપાવીને પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે તેમજ આવા કેસ/ફરીયાદ અન્વયે તેઓ બાદમાં નિર્દોષ પુરવાર થાય તો પણ તેઓ નિમણુંક માટે દાવો કરી શકશે નહીં.

(૭) ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવી બાકાત રાખવામાં આવશે.

(૮) ડ્રાઈવરની ભરતી માટે સત્તામંડળ દ્વારા જે પરીક્ષાઓ નિયત કરવામાં આવે તે પરીક્ષાઓ ઉમેદવારે પાસ કરવાની રહેશે તથા પરીક્ષાઓમાં સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

(૯) સત્તામંડળ દ્વારા યોજેલ આ ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાપાત્ર થશે. નિમણુંક કરનાર સત્તાધિકારીશ્રીને પોતાને એવી ખાતરી થાય કે સત્તામંડળ માટે ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૧૦) ભરતી સંબંધિત સત્તામંડળના તમામ નિર્ણયો અંતિમ રહેશે અને તે નિર્ણયો સંબંધિત ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(૧૧) આ જાહેરાત માટે ન્યાયિક ક્ષેત્ર અમદાવાદ રહેશે.

(૧૨) કવર ઉપર "ડ્રાઈવરની જગ્યા માટે ભરતી" લખવાનું રહેશે.

સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ